ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૯ ટકા

# શહેરમાં આવતીકાલથી દશામાના વ્રતનો પ્રારંભ

## ૧૦ દિવસ સુધી શ્રધ્ધાળુઓ દશામાની મૂર્તિની સ્થાપના કરી પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવશે

ગાંધીનગર, તા.૬
આવતીકાલથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે મહિલાઓ અને શ્રધ્ધાળુઓ માતાજીની મૂર્તિની ઘરે સ્થાપના કરી ૧૦ દિવસ શ્રધ્ધાપૂર્વક પૂજા અર્ચના કરી ભકિતભાવ સભર ઉપવાસ કરી વ્રત કરી ધન્યતા અનુભવશે. દિવાસાથી તહેવારોનો પ્રારંભ થાય છે. મા દશામાના વ્રતનો પ્રારંભ થાય છે ત્યારે દશામાની મૂર્તિ ખરીદવા મહિલાઓની બજારોમાં ભીડ જોવા મળી રહી છે. શ્રધ્ધાળુઓ ૧૦ દિવસ સુધી માતાજીની મૂર્તિની પૂજા અર્ચના, નૈવેદ્ય આરતી કરી ભકિતભાવ સભર ઉપવાસ કરી વ્રત કરશે.


આ વ્રત ૧૦ દિવસનું હોય છે. ઘરમાં દશામાની પ્રતિમાઓની સ્થાપના કરી માતાજીનું ભાવપૂર્વક પૂજન કરવામાં આવે છે અને ૧૦ સુતરના તાંતણની ગાંઠોવાળી કળશ પર વીંટીને મુકવામાં આવે છે. દસ દિવસ ઉપવાસ કે એકટાણા કરી મા દશામાની વ્રત કથા કરાય છે. દસમા દિવસે પારણા કરવામાં આવે છે.

દશામા પાસે પોતાનો સંકલ્પ, સારી દશા આવે અને દુ:ખના નિવારણ માટે પ્રાર્થના કરાય છે.

વ્રતની વિધિ : દશામાનું વ્રત કરનાર મહિલાએ પ્રાત: કાળે સ્નાન કરી, ધૂપ-દીવો કરી, શ્રધ્ધાપૂર્વક દશામાની કથા સાંભળવી, દસ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરવા, માટીની સાંઢવી બનાવી તેનું પૂજન કરવું અને દસમે દિવસે એ સાંઢણીને નદીમાં પધરાવવી.



### ગાંધીનગરમાં સે-૨૪ ખાતે અંબે મા મંદિરે દશામાના ગરબા કોરોના પરિસ્થિતિને કારણે આ વર્ષે યોજાશે નહિ



સેકટર-૨૪, સેકટર-૨૧, સેકટર-૭ના બજારોમાં દશામાની સુંદર નાની મોટી મૂર્તિઓ લેવા મહિલાઓની ભીડ જોવા મળી રહી છે. ભકતો તહેવારને 'દશામાના નોરતા' દેવીની નવરાત્રી તરીકે પણ ઓળખે છે. ધાર્મિક વિધિ સમૃધ્ધિ અને સારા નસીબ માટે મનાવવામાં આવે છે. દશામાની મૂર્તિઓ રૂપિયા ૧૫૦ થી ૨૦૦૦ સુધીના ભાવમાં વેચાઈ રહી છે. ચાલુ વર્ષે સરકારની ગાઈડલાઈન મુજબ ચાર ફૂટ સુધીની જ મૂર્તિઓનું વેચાણ કરવાની મંજુરી અપાઈ છે.

પર્યાવરણની બાબતને ધ્યાનમાં રાખીને માટીની પ્રતિમાઓનું પૂજન કરવા માટે પણ અનુરોધ કરાયો છે. જેથી માટીની મૂર્તિઓ વ્રતના વિસર્જન સમયે નદીમાં ઓગળી જાય અને ઈકો ફ્રેન્ડલી રહે છે.



પંચદેવ મંદિર ખાતે ચોકલેટના હિંડોળા યોજાયા હતા.

# ભૂલથી પોતાના ખાતામાં જમા આવેલા નાણાં પ્રમાણિક બેંક અધિકારીએ પરત કર્યા

## યુજીવીસીએલના એપ્રેન્ટિસ યુવાનના મહેનતાણાંના નાણાં ખાતા નંબરની ભૂલના કારણે બેંક અધિકારીના ખાતામાં જમા થઈ ગયા હતા

ગાંધીનગર, તા.૬
છેલ્લા દોઢેક વર્ષથી દેશમાં કોરોના મહામારીએ ભરડો લીધો છે જેના કારણે લાદવામાં આવેલા લોકડાઉન સહિતના નિયંત્રણોને પગલે સમગ્ર જનજીવન આર્થિક કટોકટી અને નિરાશાના માહોલમાં સપડાઈ ગયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આટલાં લાંબા ગાળાથી સમાજમાં જે પ્રકારે નાગરિકો આર્થિક ભીંસનો સામનો કરી રહ્યાં છે તે વ્યક્તિને પોતાના સંસ્કાર અને સિદ્ધાંતો છોડવા મજબૂર કરી શકે છે. જો કે હજુ પણ આપણી આસપાસ એવા પ્રમાણિક અને ફરજનિષ્ઠ નાગરિકો જોવા મળે છે જે ગમે તેવા સંજોગોમાં લોભ-લાલચમાં સપડાતા નથી અને તેમની સારપ સાથે બાંધછોડ કરતા નથી. ગાંધીનગરના એક બેંક અધિકારીએ તાજેતરમાં આવી જ પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતે બેંક ઓફ ઈન્ડિયાની રિજિયોનલ કચેરીમાં એગ્રીફાઈનાન્સના ડિપાર્ટમેન્ટ હેડ તરીકે ફરજ બજાવતા હિમાંશુ ગઢવીના બેંક ખાતામાં સોમવારે રૂ.૯ હજાર જમા થયાં હતા. પોતાના ખાતામાં આ રકમ જમા થવાથી ખુશ થઈ જવાને બદલે તે નાંણા ક્યાંથી અને કેમ જમા થયાં તે અંગે મુંઝવણમાં પડેલા હિમાંશુ ગઢવીએ પોતે બેંક અધિકારી હોવાથી બેંકિગ સિસ્ટમમાં જઈને તપાસ કરી તો તેમને માલુમ પડ્યું કે આ રકમ યુજીવીસીએલ કંપનીમાંથી સે.૧૨માં રહેતા અને તેમની બેંકના ખાતાધારક સિદ્ધાર્થ પ્રજાપતિના ખાતામાં જમા થવાને બદલે તેમના ખાતામાં જમા થઈ ગયા છે કેમકે તેમના અને સિદ્ધાર્થ પ્રજાપતિના ખાતાના ખાતા નંબરમાં છેલ્લાં માત્ર એક જ



આંકડાનો તફાવત હતો. આ અંગે તેમણે સિદ્ધાર્થ પ્રજાપતિને કોલ કરીને વાત કરતાં જાણવા મળ્યું કે તેણે યુજીવીસીએલમાં એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવી હતી તેના મહેનતાણાં રૂપે સ્ટાઈપેન્ડના મળવાના નાંણા હતા જે ભૂલથી તેમના ખાતામાં આવી ગયાં છે. એક યુવાનની મહેનતના નાંણા તેને જ મળવા જોઈએ તેવા નિર્ધાર સાથે હિમાંશુ ગઢવીએ તમામ ખરાઈ કર્યા બાદ તુરંત જ રૂ.૯ હજાર પુરા સિદ્ધાર્થ પ્રજાપતિના ખાતામાં ટ્રાન્સફર કરીને જમા કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતુ. આ અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે 'મને મારી મહેનતનો પુરતો પગાર મળે છે, મારે મફતના નાંણા લેવા જ નથી. જે નાંણા મારા નથી તે હું લઈ લઉં તો શક્ય છે કે તેના પર જેનો હક્ક છે તે જરૂરિયાતમંદ હોય અને તે મુશ્કેલીમાં મુકાઈ જાય તો?' સિદ્ધાર્થ પ્રજાપતિએ હિમાંશુ ગઢવીનો આભાર માનતા જણાવ્યું હતુ કે તેણે યુજીવીસીએલમાં પોતાની બેંક ડીટેલ માટે પાસબુકની ઝેરોક્ષ આપી હતી તે ઝાંખી હોવાથી આ ભૂલ સર્જાઈ હતી.

### આર.એન. પટેલ શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિ





ગાંધીનગર, તા.૬
શાળાના ધોરણ-૧ના બાળકોને ઓનલાઈન લેઆઉટની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ જુદી જુદી વસ્તુનો ઉપયોગ કરીને પીરામીડ આકારના લેઆઉટ બનાવ્યા હતા.

## જન્મદિને વધામણી



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



એંજલ રણજીતભાઈ ઘાંઘ્રેશા
મો. ૭૦૪૩૧ ૪૭૩૧૦



યુગ અશ્વિન પટેલ



ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮



વિશાલ આર શ્રીમાળી
મો. ૬૩૫૪૭ ૧૭૦૯૩

## ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગમાં લેમ્પ લાઈટનિંગ એન્ડ ઓથ સેરેમની કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૬
ચૌધરી ઈન્સ્ટીટયૂટ ઓફ નર્સિંગમાં બેઝીક બી.એસ.સી. નર્સિંગ અને જી.એન.એમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો કોલેજ કેમ્પસમાં લેમ્પ લાઈટનિંગ એન્ડ ઓથ સેરેમની સમારોહ યોજાયો હતો. જેમાં ડૉ. જસવંતભાઈ ઠકકર (સિંડીકેટ મેમ્બર એન્ડ ડીન કોમર્સ ડીપાર્ટમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી), ડૉ. મુકેશભાઈ ચૌધરી (ચેરમેન ઓફ ચૌધરી હોસ્પિટલ નરોડા અમદાવાદ), ડૉ. કલ્પેશ ગોસ્વામી (મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, જીએમસી), જાગૃતિબેન પટેલ (નર્સિંગ સુપ્રિટેન્ડેટ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર), તૃપ્તીબેન પટેલ (નર્સિંગ સુપ્રિટેન્ડેટ, એપોલો હોસ્પિટલ), ડૉ. હરીમોહનસિંઘ (પ્રિન્સીપાલ એપોલો ઈન્સ્ટીટયૂટ ઓફ નર્સિંગ), હરિભાઈ ચૌધરી (અખિલ આંજણા કેળવણી મંડળ પ્રમુખ), માધુભાઈ ચૌધરી (ટ્રસ્ટી), લાલજીભાઈ ચૌધરી, એસ.આર. ચૌધરી, એમ.એમ. ચૌધરી, ડી.જી. ચૌધરી, યશવંત ચૌધરી, મયુક જૈન (પ્રિન્સિપાલ) તથા ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પાટનગરના સ્થાપના દિવસની સાપ્તાહિક ઉજવણીના ભાગ રૂપે ગુરુવારે સાંજે સેકટર ૨-સી ખાતે સેકટર-૨ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણી રાજુભાઈ પટેલ તથા ભાનુભાઈ દવે ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે મહાસંઘના હોદેદારો કેશરીસિંહ બિહોલા, રાજેન્દ્ર પારેખ, પ્રદિપસિંહ બિહોલા, જયેશ આગજા, કાનજીભાઈ દેસાઈ, સી. કે. સોની, વિઠ્ઠલભાઈ પરમાર, ગોપાળજી ઠાકોર, મહમ્મદભાઈ ઠેબા, નિલેન્દુભાઈ વૉરા, મહેતા ભાઈ, જયેન્દ્ર ઠક્કર, નારણભાઈ પરમાર તથા સેકટર-૨ના વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## જણસારી જનક્ષત્રિય મોચી સમાજની સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ

ગાંધીનગર, તા.૬
સમસ્ત જણસારી જનક્ષત્રિય મોચી સમાજને એસસીમાંથી ઓબીસીમાં લેવામાં આવ્યા જેથી સમાજમાં સૌ કોઈ નારાજ છે. રાષ્ટ્ર અને રાજયના વિકાસ માટે અને સંગઠન મજબૂત થાય તે માટે સમાજની વિવિધ માંગણીઓ છે જેમાં મોચી સમાજને પુન: એસ.સી.માં લેવા, સરકાર તરફથી રાહત દરે સામાજીક, શૈક્ષણિક અને ધાર્મિક હેતુસર જમીન આપવા, સરકાર અને સંગઠનમાં સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા, કાર્યાલય માટે સરકારી મકાન ફાળવવા, ગાંધીનગરમાં ૩૫૦ પરિવારો છે જેથી કાર્યાલય માટે ખુરશીઓ,સાઉન્ડ સીસ્ટમ, અન્ય સુવિધાઓ પુરી પાડવા, મહાનગરની ચૂંટણીમાં ઉમેદવારી કરેલ છે જે બાબતે યોગ્ય કરવા, રાજય કક્ષાએ અને ગાંધીનગર મહાનગર સગંઠનમાં યોગ્ય સ્થાન આપવા, સમાજના નિવૃત્ત ઉચ્ચ અધિકારી અને સક્રિય કાર્યકરોને યોગ્ય સ્થાન-કેન્દ્રીય કક્ષાએ, રાજય કક્ષાએ અને મહાનગરમાં સ્થાન આપવા, સંત પૂ. જાગાસ્વામી અને લાલાબાપાના પૂજા સ્થાન માટે જમીન ફાળવવા, સમાજ શૈક્ષણિક રીતે આગળ વધે તે માટ હોલ અને હોસ્ટેલ માટે જગ્યા ફાળવવા. આ તમામ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી જાગૃત વસાહત ફોરમના મહેન્દ્ર કે. ચૌહાણ દ્વારા કરાઈ છે.

### આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ગીલ્ટર પેપરની કમનીય કલાના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે લીલી ઘટાના હિંડોળા યોજાશે.

### સેકટર-૭ કોમ્યુનીટી હોલમાં એકઝીબીશન એન્ડ સેલ

ગાંધીનગર, તા.૬
એન.યુ.એલ.એ.એમ. સ્વ.સ. જુથ (સખી મંડળ) અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા 'મહિલા સશકિતકરણ' ના ઉમદા હેતુ સહ અને કોરોના કાળના સમયમાં ઘરે ઘરે ધંધા રોજગારમાં આવી પડેલ આપ્તિને કારણે બહેનોના વ્યવસાયમાં ખુબ મુશ્કેલીઓ આવી પડી હતી. દરેકના વ્યવસાયને સહકાર અને પ્રોત્સાહન મળે તેવા હેતુસર પ્રદર્શન અને વેચાણનું આયોજન કરાયું છે. જે તારીખ ૭ ઓગષ્ટ અને ૮ ઓગષ્ટના રોજ સવારે ૯ થી રાત્રીના ૯ કલાક સુધી ચાલુ રહેશે. આ એકિઝબીશન એન્ડ સેલ સેકટર-૭ લગ્નવાડી (કોમ્યુનિટી હોલ) સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડીની બાજુમાં યોજાશે. વધુ માહિતી માટે હર્ષાબા ધાંધલ (૮૪૦૧૯ ૦૨૩૩૫) પૂજાબેન પશવાણી (૯૪૨૮૮ ૩૮૦૭૧), કલ્પનાબેન ધોળુ (૯૪૨૬૪ ૫૭૧૦૯), જયશ્રીબેન ખેતીયા (૯૩૭૪૮ ૦૫૯૪૮), શબાનાબેન (૯૯૮૭૩ ૬૮૮૮૯) નંબર પર સંપર્ક કરવા જણાવેલ છે.

## ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા એકંદરે સરળ રહી

આજે ગાંધીનગરના ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી જેમાં મુખ્ય ચાર વિષયો ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ અને બાયોલોજી દરેકનાં ૪૦-૪૦ પ્રશ્નો પત્રો પૂછાયાં હતાં. આ વખતે જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તે તેવા વિદ્યાર્થીઓ હતા કે જેમણે આખું વર્ષ ઓનલાઈન જ અભ્યાસ કર્યો હતો. ગુજરાત સરકારના વિદ્યાર્થીલક્ષી નિર્ણયને પગલે લેખિત પરીક્ષા મોકૂફ રખાઈ હતી પરંતુ ગુજકેટની પરીક્ષા ખૂબ જ તંદુરસ્ત વાતાવરણમાં યોજાઈ હતી જે એકંદરે વિદ્યાર્થીઓ માટે સરળ રહી હોવાનો કિશોર ક્લાસિસના સંચાલક બળવંતસિંહ રાજપુતે જણાવ્યુ હતું.

બળવંતસિંહ રાજપૂતના જણાવ્યા અનુસાર ગુજકેટની પરીક્ષાના દરેક વિષયના પ્રશ્નો પડતો સંપૂર્ણ પાઠયપુસ્તક આધારીત જ હતા. ભૌતિકવિજ્ઞાનમાં ત્રણ પ્રશ્નો લાંબી ગણતરી વાર્તા હતા પરંતુ રસાયણ વિજ્ઞાનના પ્રશ્નો સરળ અને પાઠયપુસ્તક આધારીત હોવાથી વિદ્યાર્થીઓ સરળતાથી સોલ્વ કરી શક્યાં હતાં. બાયોલોજીના પ્રશ્નો પણ એકંદરે સરળ હતાં પરંતુ ×એ× ગ્રુપના વિદ્યાર્થીઓ કે જેમના માટે આ પરીક્ષા ખૂબ મહત્ત્વની હોય છે તેમનું મેથ્સનું પેપર થોડો વધુ સમય લે તેવું હતું કેમ કે તેમાં ત્રણથી ચાર પ્રશ્નો લાંબી ગણતરીવાળા હતા. જોકે બાકીના પ્રશ્નો સરળ અને ટૂંકી ગણતરીવાળા હોવાથી વિદ્યાર્થીઓ પેપર સમયસર પૂર્ણ કરી શક્યા હતા. એ ગ્રુપના વિદ્યાર્થીઓએ દીકરી ટેટની પરીક્ષા પૂર્ણ થતાં રાહતનો શ્વાસ લીધો હતો પરંતુ બી ગ્રુપના વિદ્યાર્થીઓને હજુ નીટની પરીક્ષા આપવાની બાકી છે જેની તૈયારીમાં લાગી ગયા છે.

### ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર દિલીપજી છનાજી,** ઉ.વ. ૪૫, ગોલથરા, કલોલ
- **સ્વ. ઠાકોર જુહાજી નાથાજી,** ઉ.વ. ૭૦, ગોલથરા, કલોલ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. ગોરેચા હંસાબેન હરસુખભાઈ,** ઉ.વ. ૬૧, અડાલજ
- **સ્વ. લેઉવા ગીરાબેન નટવરલાલ,** ઉ.વ. ૭૦, સેકટર-૭

## ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારી – ખાનગી ક્ષેત્રે ૨૫૧ ઉમેદવારોને રોજગારીપત્રો એનાયત કરાયા





ગાંધીનગર, તા.૬
ગાંધીનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આજરોજ ગાંધીનગર ખાતે બ્રહ્મ સમાજ ભવન, સેકટર-૧૬ ખાતે રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતની શાસનધુરા સંભાળનાર સંવેદનશીલ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને આવતીકાલ તા. ૭મી ઓગસ્ટના રોજ પાંચ વર્ષ પૂર્ણ થાય છે. તેમના શાસનમાં થયેલા વિકાસ કામોનો હિસાબ આપવા અને નવીન કામોનું ખાતમૂહુર્ત – લોકાર્પણ કરવા તા. ૧ થી ૯ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજના દિવસને રોજગાર દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આજે સમગ્ર રાજયમાં ૫૧ સ્થળો ખાતે રોજગાર દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કલોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અલગ-અલગ ખાતા/વિભાગ અને ખાનગી એકમોના ૨૫૧ ઉમેદવારોને રોજગારી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગરના આચાર્ય શ્રી એન.એ.પટેલ આભારવિધી કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. ધવલ પટેલ, ગાંધીનગરના પૂર્વ મેયર શ્રી રીટાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ સહિત આમંત્રિત મહાનુભાવો અને ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.